# રાજ્યના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

## ગૌરવ દિવસ ઉજવણી પ્રસંગે જુલાઇ '૨૧ થી ૩ ટકાના વધારાની મુખ્યમંત્રીની જાહેરાત : છઠ્ઠા પગારપંચના કર્મચારીઓને ૭ ટકાનો વધારો અપાશે : એરિયર્સ સાથે મોંઘવારી ભથ્થાનો લાભ ચૂકવાશે : ગુજરાત સ્થાપના દિવસે મોંઘવારી ભથ્થુ વધાર્યું

ગાંધીનગર, તા.૧

ગુજરાત સ્થાપના દિવસ પર ગુજરાત સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે મોટી જાહેરાત કરાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ૭ ટકાનો વધારો જાહેર કર્યો છે. સાતમા પગારપંચના કર્મચારીઓને ૩ ટકાનો વધારો અપાશે. ૧ જુલાઈ, ૨૦૨૧ ની અસરથી આપવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારના આ નિર્ણયના પરિણામે મોંઘવારી ભથ્થાના તફાવતનું ૧૦ માસનું જે એરિયર્સ કર્મચારીઓને ચૂકવવાનું થાય છે, તે બે હપ્તામાં ચૂકવવામાં આવશે. એટલે કે તફાવતની રકમનો પ્રથમ હપ્તો મે-૨૦૨૨ અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ ના પગાર સાથે ચૂકવવામાં આવશે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિવસે રાજ્ય સરકારના કર્મચારીઓ તથા નિવૃત્ત કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ૩ ટકાનો વધારો તારીખ ૧ જુલાઈ, ૨૦૨૧ ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે, તેવું પણ નિયત કરવામાં આવ્યું છે.

આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. સરકારે તારીખ ૧ જુલી, ૨૦૨૧ ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ ૩ ટકા વધારાથી જે દસ મહિનાની એરિયર્સની રકમ આપવાની થાય છે, તે બે હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે. તદુપરાંત પ્રથમ હપ્તો મે-૨૦૨૨ના પગાર સાથે અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને વાર્ષિક રૂપિયા ૧૨૧૭.૪૪ કરોડનું નાણાકીય ભારણ વધશે. નિર્ણય અનુસાર રાજ્ય સરકારના પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧ જુલાઈ ૨૦૨૧ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ ૩ ટકા વધારાથી જે દસ મહિનાની એરિયર્સની રકમ આપવાની થાય છે, તે બે હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે. જે અનુસાર પ્રથમ હપ્તો મે-૨૦૨૨ના પગાર સાથે અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ના પગાર સાથે ચૂકવવામાં આવશે.

# દિલ્હીથી પરત ફરેલ સરગાસણની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨ દિવસથી કોરોનાનો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામની ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો મુજબ આ મહિલા તેની ઓફિસ કામથી દિલ્હી ગઈ હતી અને પાંચ દિવસ પહેલાં જ પરત ફરી છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી જે કેસો સામે આવી રહ્યા છે તેમાં મોટાભાગના દર્દીઓ રાજ્ય બહારના પ્રવાસની હિસ્ટ્રી સામે આવી રહી છે. રાજ્ય બહારના પ્રવાસેથી પરત ફરતા ગાંધીનગરવાસીઓ તેની વિધિવત્ જાણકારી મનપાને આપે તેવી જોગવાઈ કરવાનું મનપા દ્વારા વિચારણામાં આવી રહ્યુ હોવાનું જાણવા મળેલ છે જેથી આવા લોકોનું સમયસર સ્ક્રીનીંગ થઈ શકે.

ગાંધીનગર શહેરમાં ધીમી ગતિએ એક્ટીવ કેસોની સંખ્યા અને છુટા છવાયા દર્દીઓ જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૫ પર પહોંચી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટનસીંગ જળવાઈ રહે તેમજ કોરોના ગાઈડલાઈનના ચુસ્ત અમલીકરણ અંગે પણ જરૂરી સૂચનાઓ તંત્રને આપવા સાથે સર્વેલન્સને અસરકારક બનાવવા જણાવાયુ છે.

# સરકાર પણ ચોંકી : જિલ્લામાં સાતસો વધુ શ્રમિક લાભાર્થીઓએ ઈ-શ્રમ કાર્ડ માટે શોધાયા

## મુખ્યમંત્રી સંતૃપ્તિ યોજનાના પાયલોટ પ્રોજેક્ટમાં આરોગ્યની સેવાઓ માટે કુલ લાભાર્થીઓના ૫૦ ટકા જેટલા નવા શોધાયા

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી સંતૃપ્તિ યોજનાના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના પાંચ ગામમાં હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ઈ.શ્રમ કાર્ડ માટે ૭૫૮ જેટલા નવા શ્રમિકોને શોધવામાં આવ્યા છે.

દહેગામ, કલોલ અને માણસામાં મોટી સંખ્યામાં શ્રમિકો મળી આવ્યા છે. જેમણે ઈ.શ્રમ કાર્ડ મેળવવા માટેની તૈયારી દર્શાવી છે.

ગાંધીનગર જિલ્લામાં અસંગઠિત ક્ષેત્રમાં શ્રમિકોની સંખ્યા વધી રહી છે. અહિ જિલ્લામાં કન્સ્ટ્રક્શન સાઈટો પણ વધી છે ત્યારે ઈ.શ્રમ યોજનાના પ્રચાર-પ્રસાર અભિયાનમાં ચુક રહી ગયાનું પાંચ ગામના સર્વેમાં બહાર આવવા પામ્યુ છે.

આરોગ્ય વિભાગની યોજનાઓને લઈ પણ આવુ ચિત્ર ઉપસ્યુ છે. તંત્રની આ નિષ્ફળતાએ સરકારને ચોંકાવી દીધી હોવાનું જાણવા મળેલ છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લાના ચાર તાલુકામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પાંચ ગામ પસંદ કરી સરકારની યોજનાઓના વંચિતોને શોધી લાભ આપવાની કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

આ સર્વેમાં ૪૩૯૮ નવા લાભાર્થીઓ શોધવામાં આવ્યા છે. જેમાં આરોગ્યની યોજનાઓ આયુષ્યમાન કાર્ડ, મફત તબીબી સહાય, ડીજીટલ હેલ્થ મિશનને લઈ બે હજારથી વધુ નવા લાભાર્થીઓ શોધાયા છે. અર્થાત્ સર્વેલન્સમાં ૫૦ ટકા જેટલા નવા લાભાર્થી આરોગ્ય સેવાઓને લઈ મળી આવ્યા છે. તંત્ર આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવામાં આવ્યાની ગુલબાંગો પોકારી રહેલ છે તેનો પરપોટો ફુટી ગયો છે.

ઈ.શ્રમ કાર્ડ માટે પણ તાજેતરમાં આખી ઝુંબેશ અભિયાન સ્વરૂપે કર્યા પછી પણ મોટી સંખ્યામાં શ્રમિકો મળ્યા છે તેને લઈ તંત્ર પણ ચોંક્યુ છે.

જોકે જિલ્લાના અધિકારીઓ દ્વારા યોજનાના અમલીકરણની જવાબદારીમાંથી છટકી નાના કર્મયોગીઓ પર જે રીતે કાર્યબોજ નાખી રહ્યા છે તેનો પડઘો આ સર્વેલન્સમાં પડી રહ્યો છે. જિલ્લાના વડા અધિકારીઓ પ્રવાસ કરતા નથી અને જે રીતે યોજનાના અમલીકરણમાં રસ લેવો જોઈએ તે લેતા નથી તેનું પરિણામ આ સર્વેલન્સમાં પ્રતિબિંબિત થતુ હોવાની વાતો જિલ્લાભરમાં શરૂ થઈ ગઈ છે.

# ૯૧ ગ્રામ પંચાયતોમાં સોલાર રૂફટોપ લાગશે



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૯૧ ગ્રામ પંચાયતોમાં હવે સોલાર રૂફટોપ લાગશે.

જિલ્લામાં પંચાયતોની છત પર સોલાર રૂફટોપ લગાવવાની યોજનાને લઈ ૯૧ પંચાયતોએ તૈયારી બતાવી છે.

મળતી વિગતો પ્રમાણે ૬૫ થી વધુ પંચાયતોને આ રૂફટોપ પોલીસી અંતર્ગત સબસીડીની દરખાસ્ત પ્રથમ તબક્કામાં તંત્રએ કરી હતી તેનો સ્વીકાર પણ સરકાર દ્વારા કરી દેવામાં આવ્યો છે.

બાકી રહેલ પંચાયતોની દરખાસ્ત પણ આગામી એક-બે દિવસમાં સરકારને મોકલી આપવામાં આવનાર છે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

નાણાંપંચની ગ્રાન્ટમાંથી સોલાર રૂફટોપ પોલીસીનો અમલ કરી તંત્ર સોલાર ઊર્જાક્રાંતિ કરવા માટેનો રોડમેપ તૈયાર કરી રહ્યુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ ગ્રામીણ વિસ્તારમાં એલ.ઈ.ડી. લાઈટ્સ તેમજ હાઈ ટાવર માસ્ક ઉભા કરવા સરકારે જી.ઈ.બી.ની રચાયેલ કંપનીઓ પાસે કામ કરાવવા આપેલ લીલી ઝંડી પછી આગામી સપ્તાહમાં ઉ. ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ સાથે પણ બેઠકનું આયોજન કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

# કલ્ચરલ ફોરમની અર્ક વ્યાખ્યાનમાળામાં 'હું મને ચાહું છું' વિષય પર વક્તવ્યો

## 'હું મને ચાહું છું' વિષય પર ગુજરાતના જાણીતા વક્તા અને વિચારકો શ્રી સૌમ્ય જોશી, શ્રી ધ્વનિત અને ડો. પ્રશાંત ભીમાણીના મનનીય વક્તવ્યોથી ગાંધીનગરના સુજ્ઞ શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા

ગાંધીનગર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત આજે 'હું મને ચાહું છું' વિષય પર ગુજરાતના જાણીતા વક્તા અને વિચારકો શ્રી સૌમ્ય જોશી, શ્રી ધ્વનિત અને ડૉ. શ્રી પ્રશાંત ભીમાણીએ મનનીય વકતવ્યો આપ્યા હતા. ગાંધીનગરના સુજ્ઞ નાગરિકોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને કડી કેમ્પસનો ખીમજી વિસરામ હોલ છલકાવી દીધો હતો.

બે વર્ષના અંતરાલ પછી ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવા વર્ષનો આરંભ જાહેર પ્રવચનથી થયો હતો. અર્ક વ્યાખ્યાનમાળાના પ્રવચનની શરૂઆત કરતા પહેલા કોરોનાકાળમાં ગાંધીનગરના જે સ્વજનો અને પરિવારજનોના નિધન થયા છે તેમને ઉપસ્થિત તમામ લોકોએ પોતાના સ્થાન પર ઊભા થઈને, બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપી હતી.

લોકોના વિચારો, વર્તણૂક અને લાગણીઓને દુરસ્ત કરવાનો જેનો વ્યવસાય છે એવા વરિષ્ઠ સાયકોલોજીસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણીએ 'હું મને ચાહું છું' વિષયક વક્તવ્યનો આરંભ કરતા કહ્યું હતું કે, દુનિયામાં બધે જ સ્પર્ધા છે, માત્ર માણસ થવામાં કોઈ સ્પર્ધા નથી. માણસ થવું સૌથી સરળ છે અને સૌથી અઘરું પણ છે. બાળકોને ગધ્ધામજુરી નહીં પરંતુ મહેનતની ટેવ પાડો.











જો સુમધુર જીવન જીવવું હોય તો હંમેશા મધ્યમ માર્ગ અપનાવો. જીવનમાં અતિશયોક્તિ પણ ન હોવી જોઈએ અને હિનોક્તિ પણ ન હોવી જોઈએ. તેમણે ઑટોટેલિક પર્સનાલિટી પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આપણે બધું જ પકડી રાખીએ છીએ, કંઈ જ છોડતા નથી. લેટ-ગો કરતાં શીખો. પૂર્વગ્રહોને દુર કરવા જરૂરી છે.

ડૉ.પ્રશાંત ભીમાણીએ દિલ અને દિમાગ બંનેને મહત્વ આપીને સંતુલન સાધવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આપણો આઈ.ક્યુ. વધારે છે, પણ સોશિયલ કૉટન્ટ અને સ્પિરિચ્યુઅલ કૉટન્ટ બહુ જ નબળા છે. બુદ્ધિ અને લાગણીના સંતુલન માટે આધ્યાત્મિકતા જરૂરી છે. લાગણીશીલ હોવું જરૂરી છે પણ લાગણીખોર બહુ ખરાબ છે. સુખી થવા માટે કોઈપણ પ્રતિક્રિયા આપતા પહેલા થોડું થોભી જવું જરૂરી છે.

કવિ, લેખક, નાટ્યકાર, દિગ્દર્શક અને અભિનેતા શ્રી સૌમ્ય જોશીએ પોતાના ઉદબોધનમાંજણાવ્યું હતું કે, મનુષ્ય જીવનનો સાચો આનંદ મેળવવા માટે મનમાં કાયમને માટે જડાઈ જાય એવી ક્ષણો પાસે ઉભા રહી જવાની જરૂર હોય છે. જીવનનો સાચો આનંદ અને સાચો સંતોષ નાની-નાની ક્ષણોમાં છે.

ઘણા લોકો વિદેશમાં,એમ્સ્ટરડેમ વગેરે સ્થળોએ ફરવા જાય ત્યારે સતત ફોટો પાડતા હોય છે.. જે તે વખતે એ લોકો સ્થળોનું સૌંદર્ય માણવાનું ભૂલી જાય છે તેને બદલે ઘેર જઈને ફોટા જોતી વખતે એમ્સ્ટરડેમ માણવાનો પ્રયત્ન ટરે છે. આખા પ્રવાસમાં એ વ્યક્તિની ઈચ્છા એવી હોય છે કે હું આનંદ કરું છું તેની સાબિતી રૂપે અનેક ફોટા હું ભારત લઈ જાઉ અને લોકોને બતાવુ..

મુખ્યત્વે માણસ ખુશ, સુખી કે દુ:ખી બહુ જ ઓછા કારણોથી હોય છે. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ પોતાના જે સપના છે જ નહીં, બીજા કોઈના છે એની પાછળ જ ભાગ્યા કરે છે. જો એવું જ હોય તો આપણે ક્યારેય આપણી જાતને ચાહી શકવાના નથી. શ્રી સૌમ્ય જોશીએ કહ્યું કે, અહેસાસમાં દુ:ખ છે પણ એકરારમાં સંતોષ છે. ચાહવું અને ધિક્કારવું એ સંવેદનશીલ માણસો માટે કાયમી પ્રક્રિયા ક્યારેય નથી હોતી. એક સંવેદનશીલ અને વિચારશીલ માણસ પોતાની જાતને ચાહે છે કે નહીં એ માટે પોતાની જાતને હંમેશા મત કે માર્ક આપ્યા કરે છે... દરેકે પોતાની જાતને હંમેશા આ પ્રકારે માર્ક આપતા રહેવું જોઈએ.

લગભગ ૨૦ વર્ષ સુધી રેડિયો જૉકી તરીકે સફળતાના શિખરે બિરાજમાન ગુજરાતના સુપ્રસિદ્ધ આર.જે. ધ્વનિતે પોતાના ઉદબોધનમાં કહ્યું હતું કે, જીવનમાં અત્યંત સફળ થયેલી વ્યક્તિ પણ આખરે તો શાંત અને સુખી ઊંઘ ઈચ્છે છે. તમારો સાત બેડરૂમનો બંગલો હોય પણ ઊંઘ ન આવતી હોય તો બધું નકામું છે. સોનાની થાળીમાં અનેક વ્યંજનો પીરસાયેલા હોય પણ જો તમને ભૂખ ન લાગતી હોય કે તમને

● અનુસંધાન પાન-૭ પર

# પારો ઘટ્યો છતાં લાગ્યું કે "તાપ" વધ્યો તેવી સ્થિતિ અનુભવાઈ

## રવિવારે મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૮ ડિગ્રી સે. નોંધાયુ છતાં શહેરીજનોને ગરમી વધુ અનુભવાઈ : બપોરના સમયે શહેરના માર્ગો સુમસાન બન્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં વૈશાખ મહિનો આકરી ગરમી સાથે તેના રૌદ્ર સ્વરૂપમાં શહેરીજનોને પરસેવો છોડાવી રહ્યો છે. જો કે ૪૪ ડિગ્રી સુધીની ઉંચાઈએ પહોંચ્યા પછી ગરમીનો પારો છેલ્લાં બે-ત્રણ દિવસમાં ગગડીને ૪૧.૮ ડિગ્રી સે. સુધી આવી જવા પામ્યો છે પરંતુ તાપમાનનો પારો ગગડવા છતા શહેરીજનોને અત્યંત અકળાવનારી ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. આજે રવિવારના દિવસે આંખો અંજાઈ જાય તેવા તાપના માહોલ સાથે શહેરની સડકો તદ્દન સુમસાન બની જવા પામી હતી અને વાતાવરણમાં ભેજનું લઘુત્તમ પ્રમાણ પણ ૨૨ ટકા જેટલું જ રહેવાથી ભારે શુષ્કતા અનુભવાઈ હતી.



છેલ્લાં કેટલાંક વર્ષોમાં દર વર્ષે ગરમીનો પારો અગાઉ કરતાં વધુ ઉંચકાતો હોવાનું અનુભવાઈ રહ્યું છે. શહેરમાં ગત સપ્તાહના પ્રારંભે જ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતા શહેરીજનોએ અસહ્ય ગરમીની સ્થિતિ અનુભવી હતી. જોકે સપ્તાહના અંત સુધીમાં તાપમાનમાં ત્રણેક ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો, આમ છતાં આજે રવિવારના દિવસે જાણે તાપમાન ફરી ૪૪ ડિગ્રી થયું હોય તેવી ગરમીનો અહેસાસ શહેરીજનોએ અનુભવ્યો હતો અને આ સ્થિતિ છેલ્લાં બે-ત્રણ દિવસથી અનુભવાઈ રહી છે જેમાં એવું લાગે કે આજે તો તાપમાનનો આંક સૌથી ઉંચો હશે જ્યારે હકીકતમાં પારો થોડો નીચો રહેવા પામ્યો હોય છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી સે. નોંધાયુ હતુ જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૧ ડિગ્રી સે. નોંધાયુ હતુ. શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૫૮ ટકા હતુ તે પણ ઘટીને સાંજ સુધીમાં ૨૨ ટકા રહ્યું હતુ. ગાંધીનગરમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૪૩.૨ ડિગ્રી સે. અને શનિવારે મહત્તમ તાપમાન ૪૨.૩ ડિગ્રી સે. નોંધાયુ હતુ. આમ ક્રમશ: ગગડતા પારા સાથે પણ આકરી ગરમીનો અનુભવ શહેરીજનોને થઈ રહ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com